..........................................................ના ઉપયોગ અર્થે

અગ્રતા ક્રમ: : ૨૯

વિભાગ: ઉધોગ અને ખાણ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૩૮૮

વિધાન સભા ગ્રુહમા જવાબ આપવાની તારીખ :

ગુજરાત વિધાનસભા : ૧૫ મી વિધાનસભાનુ ચોથુ સત્ર.

તારાંકિત પ્રશ્ન : વડનગર ખાતે આવતા પ્રવાસીઓની સુવિધા

તારાંકિત પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી : શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ

અને તેમનો મતવિસ્તાર : (ઉંઝા )

**<u>અગ્રતા ક્રમ : ૨૯</u>**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૭૨૭**
**પ્રશ્નની વિગત: વડનગર ખાતે આવતા પ્રવાસીઓની સુવિધા**
**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે .પટેલ ), ઉંઝા**

| ક્રમ નં | પ્રશ્નની વિગત | પા. નં |
|---|---|---|
| ૧ | તારાંકિત પ્રશ્ન | |
| ૨ | વિધાનસભાને આપેલ જવાબ | |
| ૩ | પુરક નોધ | |
| ૪ | **પુરક પ્રશ્ન: ૧:** ઐતિહાસીક નગરી વડનગર ખાતે વધતા પ્રવાસીઓને ધ્યાને લઈને ક્યા ક્યા ડીઝીટલ ઈન્ટરવેન્શન હાથ ધરેલ છે? જો હા તો તેની વિગતો જણાવશો. | |
| ૫ | **પુરક પ્રશ્ન: ૨:** ઐતિહાસીક નગરી વડનગર ખાતે સ્વદેશ દર્શનની હેરીટેઝ સર્કીટ અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા સ્થળોએ વિકાસની કામગીરી કેટલા રૂપિયાના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે. | |
| ૬ | **પુરક પ્રશ્ન: ૩:** વડનગર ખાતે છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રવાસીઓએ મુલાકાત લિધેલ છે. તેમજ વડનગર ખાતે આવતા પ્રવાસીઓ ને રહેવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સુવિધા કરેલ છે? | |
| ૭ | **પુરક પ્રશ્ન: ૪:** વડનગર ખાતેના બુધ્ધીસ્ટ મોનીસટ્રીના વિકાસ માટે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા કોઈ કામગીરી કરેલ છે? જો તેમાં કઈ કામગીરી નો સમાવેશ થાય છે? આ માટે કુલ કેટલો ખર્ચ કરેલ છે? | |
| ૮ | **પુરક પ્રશ્ન: ૫:** વડનગર ખાતે આવેલ તાનારીરી ની સમાધી ખાતે કોઈ કામગીરી કરેલ છે? જો હા તો તેની વિગતો જણાવશો. | |
| ૯ | **પુરક પ્રશ્ન: ૬:** વડનગરના શર્મીષ્ઠા તળાવ ખાતે કઇ કઇ કામાગીરી કેટલા રૂપિયાના ખર્ચે પુર્ણ કરેલ કરેલ. | |

# પૂરક માહિતી

## વડનગર નું મહત્વ

- દરેક નગરની એક ઓળખ હોય છે.એનો ઈતિહાસ હોય છે.સમય સાથે ટકી રહેવાની ખુમારી હોય છે.વડનગર એક એવું શહેર છે જે અનેક તડકીછાંયડીના ઉતારચઢાવ પછી પણ આજે અડીખમ ઉભું છે.પોતાની ઐતિહાસિક ધરોહર અને પેટાળમાં અનેક અચરજો ભરીને બેઠું છે આ નગર.એની પાસે ભવ્ય અને ભાતીગળ વારસો છે.એક જમાનામાં ઉત્તર ગુજરાતનો આખો વિસ્તાર "આનર્ત પ્રદેશ," તરીકે ઓળખાતો હતો.રાજકીય રીતે અત્યંત શકિતશાળી એ પ્રદેશની રાજધાની વડનગર હતું.
- આ નગરનાં અનેક નામો ઈતિહાસના ચોપડે નોંધાયાં છે.એની એક રસપ્રદ યાદી છે.વડનગર,વૃદ્ધનગર,આનંદપુર,આનર્તપુર,ચમત્કારપુર.
- કોઈ શહેરનાં આટલાં નામ નહીં હોય ! ચીની મુસાફ્ર હયુ એન સંગ સાતમી સદીમાં ભારતના પ્રવાસે આવેલા.એ વખતે હર્ષ વર્ધન સમ્રાટ હતો આખા ભારતનો..ચીની યાત્રિકે પ્રાચીન વડનગરની મુલાકાત કરી હતી..નગરની ફરતે કોટ,સુંદર અને કલાત્મક દરવાજાઓ,અને એકથી એક ચઢિયાતાં તળાવો વચ્ચે સુશોભિત એવું વડનગર ભવ્ય હતું.એણે વર્ણન કરેલ બુદ્ધ મઠ પૈકીનો એક આખેઆખો પુરાતત્વ વિભાગે ખોદકામ કરી શોધી કાઢયો છે..આ પુરાતન નજરાણું આજેપણ વડનગરનું આકર્ષણ છે.
- વડનગર એ નાગરો માટેનું આધ્યસ્થાન ગણાય છે.હાટકેશ્વર મહાદેવ એ એમના ઈષ્ટદેવ છે.પ્રાચીન શિવાલય એની સાક્ષી બનીને ઉભું છે.વડનગરની ફરતે આજેપણ પુરાતન અવશેષો જેવા કોટ એ સમયની ભવ્ય ઝાંખી કરાવતા અવશેષરૂપે ઉભા છે.પુરાતન દરવાજાઓ નદીઓળ દરવાજો,ગાસકોળ દરવાજો,અરજણબારી દરવાજો,પીઠોરી દરવાજો આજેપણ સમયની થપાટો ખાઇને અડીખમ ટકી રહ્યા છે.ઈ.સ.1152માં સોલંકી રાજા કુમારપાળે વડનગર ફરતે કોટ બંધાવ્યો હતો.જેને છ દરવાજાઓ હતા.અરજુનબારી દરવાજા ઉપર એનો શિલાલેખ છે.
- ગુજરાતની ઓળખ એટલે વડનગરનું કીર્તિતોરણ.વડનગરની ઉત્તરે ભવ્ય કિર્તીસ્તંભ ઉભેલા છે.લાલ અને પીળા પથ્થરોમાં એ સમયની ભવ્ય કોતરણી પામેલા ચાલીસ ફૂટ ઉંચા આ કિર્તીસ્તંભો પાઠયપુસ્તકો સહિત અનેક જગ્યાએ આપણે જોયા છે.ગુજરાતની પ્રાચીન શિલ્પકળા કેટલી ભવ્ય હતી એ જોવું હોય તો વડનગરનાં આ બંને તોરણો અચૂક જોવાં જોઇએ..પાટણના સોલંકી રાજાઓ જયારે વિજયપતાકા ફરમાવતા ત્યારે આવા ભવ્ય શિલ્પોનું નિર્માણ કરતા..આ તોરણ શૈલીનો રીતે સિધ્ધપુરના રૂદ્રમાળ સાથે સામ્ય ધરાવે છે.

- શર્મિષ્ઠા તળાવ એ વડનગરની વચ્ચે આકાર પામેલું ભવ્ય તળાવ છે.અબુલ ફઝલ નામનો ઈતિહાસકાર "આઇને અકબરી" ગ્રંથમાં નોંધે છે "આ નગરમાં નાનાંમોટાં 300 જેટલાં તળાવો હતાં.360 મંદિરો,360 કૂવા,અને શર્મિષ્ઠા તળાવને 360 પગથિયાં

હતાં.આજેપણ વડનગરમાં 75 જેટલાં તળાવો,200 જેટલા કૂવા અને શર્મિષ્ઠા તળાવનાં 100 જેટલાં પગથિયાં એ ભવ્ય વિરાસતની યાદ અપાવે છે.શર્મિષ્ઠા એ સમેળા તળાવ તરીકે ઈતિહાસમાં જાણીતું છે.સોમ વંશના રાજા અને એની રાજકુમારી સાથે એની વાતો જોડાયેલી છે.સમેળાનું લોકગીત પણ પ્રચલિત છે.જેમાં આ તળાવ માટે કોઈ મહિલાએ બલિદાન આપ્યું હતું એ ભાવને ગીતમાં વણી લેવાયો છે.

- સંગીત અને વડનગરને પણ એક અણમોલ નાતો છે.ગુજરાતમાં ગાયન વાદન ક્ષેત્રે જાણીતી તાના અને રીરી નામની નાગર કન્યાઓ અને એના બલિદાનની કથા જાણીતી છે.આ બંને બહેનો વડનગરની શાસ્ત્રીય ગાયિકાઓ હતી જેણે દીપક રાગથી દાહ પામેલા તાનસેન માટે મલ્હાર રાગ આલાપી એને પીડામુકત કરેલો.એ પછી બાદશાહના ફરમાન સામે પોતાની ઈજ્જત બચાવવા એમણે સતી થઈ અમરત્વ પ્રાપ્ત કર્યું છે..તાનારીરીની યાદમાં દર વરસે વડનગરમાં ભવ્ય સંગીત મહોત્સવ થાય છે..એમના નામથી ગાયકોને એવોર્ડ પણ અપાય છે.

- વડનગર અનેક મહાપુરૂષોની ભૂમિ રહયું છે.બીજી સદીમાં મંકણ નામે મહાકવિ થયેલો જેણે વડનગરને ચમત્કારપુરમ્ નામ આપેલું.બીજા એક વિદ્વાન પ્રભાવદત્ત પણ એમનાં ભાષ્યો માટે જાણીતા છે.ભદ્રબાહુસ્વામી જૈન તપસ્વી હતા જેમણે ઘણા જૈન ગ્રંથો રચ્યા છે.અગિયારમી સદીમાં થયેલો ઉવટ વેદોનો નિષ્ણાત હતો.સોલ નામે પુરોહિત જાણીતા છે.ભીમદેવ બીજાનો રાજપુરોહિત સોમેશ્વરદેવ વડનગરનો હતો.કૃષ્ણલીલાનાં અદ્ભુત પદો રચનાર યદુરામ મહારાજ અને કવિયત્રી ક્રષ્નાબાઈ કે જેણે બાલકૃષ્ણ માટે અદ્ભુત હાલરડાં લખ્યાં છે એ પણ આ ધરતીમાં અવતરેલી પ્રતિભાઓ છે..આ યાદી ઘણી લાંબી છે.જે આધુનિક ઋષિ જેવા ડૉ.વસંત પરીખ અને ડૉ.દ્વારકાદાશ જોશીની કર્મભૂમિ અને આધુનિક ભારતના લોકપ્રિય વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદી જેવા અનેક રત્નો સુધી વિસ્તરે છે.

- વડનગર હવે પોતાની ભવ્ય વિરાસતના વારસા સાથે આધુનિક કદમ ભરતું એક અતિ ભવ્ય પ્રવાસન સ્થળ તરીકે આકાર પામી રહયું છે..આધુનિક સુખસગવડો,સુવિધાઓ,તોરણ હોટલ ,તાનારીરી પરિસર, ઉત્ખનન સાઈટો,પ્રવાસન આકર્ષણો અને ઓપન એર થિયેટર સાથે સજજ શર્મિષ્ઠા લેકના આધુનિકીકરણ સાથે એ સજજ બન્યું છે.પોલિટેકનિક, આઈ.ટી.આઈ ,જવાહર નવોદય વિદ્યાલય, મેડીકલ કોલેજ અને સુંદર કચેરીઓ અને નવા રંગરૂપ સાથેનું ભવ્ય રેલ્વે સ્ટેશન એ એની વિરાસતને સુપેરે અભિવ્યકત કરે છે. પ્રાચીન સમયમાં ગુજરાતને ગૌરવ અપાવનારું વડનગર એ આધુનિક ગુજરાતનું પણ એક ઉજ્જવળ નગર બનવા તરફ ઝડપથી નવો આકાર પામી રહયું છે.

<u>ડેવલોપમેન્ટ ઓફ ઋષિનો આરો એન્ડ દાઈ લેક</u>

ઐતિહાસિક અને પુરાતત્વીય ધરોહર સમુ વડનગર આજે વિશ્વ ફલક પર એક અનોખુ સ્થાન પામ્યું છે, વડનગરના વિકાસ માટે ભારત સરકાર અને રાજ્ય સરકારના પ્રવાસન વિભાગનો મહત્વનો ફાળો રહ્યો છે. પ્રવાસીઓના આકર્ષણ ઉત્તરોત્તર વધારો કરવાના હેતુ થી વડનગર ખાતે વિવિધ વિકાસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

સપ્તર્ષિ નો આરો એ વિશ્વામિત્ર સરોવરના કિનારે અને યાજ્ઞવલ્ક્ય સ્થાનની નજીક સ્થિત વડનગરમાં ફરવા માટેનું એક પ્રખ્યાત પવિત્ર સ્થળ છે. આ તળાવને ઋષિ તલાવ તરીકે પણ ઓળખવામાં આવે છે જ્યાં સાત ઋષિઓની પ્રાચીન મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી હતી. આ પવિત્ર સ્થળ આસપાસના વિસ્તારની મહિલાઓમાં ઋષિ પાંચમ અથવા સમા પાંચમના પવિત્ર સ્નાન માટે લોકપ્રિય છે. તેઓ સાત ઋષિઓને પ્રાર્થના પણ કરે છે અને વિવિધ ધાર્મિક વિધિઓ કરે છે.

વડનગરની ઐતિહાસિક ધરોહર સપ્તર્ષિનો આરો તથા દાઈ લેકના વિકાસ માટે નીચેના કોમ્પોનન્ટ મુજબ ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતુ.

- પાથ વે
- લેન્ડસ્કેપિંગ
- એન્ટ્રીગેટ
- પાર્કિંગ
- ટોઈલેટબ્લોક

સદર કામગીરી માટે એલ-૧ આવેલ એજેન્સીને રૂ.૧૨,૬૪,૫૧,૬૨૫/- નો લેટર ઓફ ઈન્ટેન્ટ આપેલ છે.

# <u>પ્રેરણા સ્કુલ</u>

- વડનગર ખાતે પ્રેરણા સ્કુલના વિકાસ માટે નીચે મુજબની કામગીરી રૂ. ૪૩ કરોડના ખર્ચે પુર્ણ કરવાનું આયોજન કરેલ છે.

  ૧.વોચ ટાવર
  ૨. લેબોરેટ્રી
  ૩.એક્ટીવીટી એરીયા
  ૪. ઓડીયો રેકોર્ડીંગ રૂમ
  ૫.વિદ્યાર્થીને રહેવા માટે ના રૂમ
  ૬.શિક્ષકો ને રહેવા માટે રૂમ
  ૭.રેસ્ટોરન્ટ
  ૮.સ્કુલ બિલ્ડીંગ
  ૯.બિલ્ડીંગ ની ફરતે રીટેનીંગ વોલ
  ૧૦.અન્ડર ગ્રાઉન્ડ ટેંક
  ૧૧.કમ્પાઉન્ડ વોલ
  ૧૨.લીફ્ટ
  ૧૩.ફાયર ફાઈટીંગ સુવિધા
  ૧૪.સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ
  ૧૫. આઉટર એરીયા ડેવલપમેન્ટ

# ભારત સરકારની સ્વદેશ દર્શન સ્કીમ ની વડનગર હેરીટેજ સર્કીટ

દેશના સાંસ્કૃતિક અને વારસાના મૂલ્યને પ્રોત્સાહન આપી નક્કી કરેલ સર્કીટના પ્રદેશોમાં આજીવિકા પેદા કરવી સર્કિટ / સ્થળોમાં વિશ્વસ્તરીય માળખાગત વિકાસ દ્વારા ટકાઉ રીતે પ્રવાસીઓનું આકર્ષણ વધારવું. ના હેતુ થી ભારત સરકારના પ્રવાસન મંત્રાલયની સ્વદેશ દર્શન યોજના અંતર્ગત ની હેરિટેજ સર્કિટ હેઠળ વડનગરના શર્મિષ્ઠા તળાવ, તાનારીરી પાર્ક અને આસપાસના તળાવો, લટેરી વાવ, અંબાજી કોઠા તળાવ, વડનગર રેલવે સ્ટેશન, શેઠ ચકુલાલ ભોગીલાલ ઈન્ટરપ્રિટેશન સેન્ટર તથા ગેટ અને ફોર્ટવોલ વગેરે કામો નો વિકાસ કરવામાં આવેલ છે.

પર્યટન મંત્રાલયે વડનગર-મોઢેરા-પાટણ હેરીટેજ સર્કીટ માટે ૩૧/૦૩/૨૦૧૭ ના રોજ રૂ. ૯૯.૮૧ કરોડ ની સદર પ્રોજેક્ટ માટે વિકાસના કામોની મંજૂરી આપી, અને તે પછી તા:૨૦/૦૫/૨૦૨૦ ના રોજ રૂ. ૯૧.૪૨ કરોડ રિવાઈઝ પ્રોજેકટની રકમ મંજુર કરેલ છે. જે અંતર્ગતના વડનગર ખાતેના પ્રોજેક્ટની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | પ્રોજેક્ટની રકમ (કરોડમાં) | થયેલ ખર્ચ (કરોડમાં) | કમ્પોનન્ટ | રીમાર્ક |
|---|---|---|---|---|---|
| ૧ | ડેવલપમેન્ટ ઓફ તાના રીરી પાર્ક એન્ડ સરાઉન્ડીંગ લેક એટ વડનગર | ૧૮.૫૬ | ૧૭.૯૮ | પ્રવેશ દ્વાર, પાર્કિંગ, પાથવે, રીટેઈનીંગ વોલ, પિચ વોલ, એમ્ફીથિટર, કેનોપીઝ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેન્ચ, ઈલ્યુમીનેશન, સીસીટીવી, ડસ્ટબિન્સ, દુકાનો, ઈલેક્ટ્રીફીકેશન વગેરે | કામગીરી પુર્ણ થયેલ છે |
| ૨ | ડેવલપમેન્ટ ઓફ લેટરી વાવ એટ વડનગર | ૧.૫૬ | ૧.૬૩ | મુખ્ય દરવાજો, પાર્કિંગ, પેવીંગ, કેનોપીઝ, ટોઈલેટ બ્લોક, બાઉન્ડ્રી વોલ, ફેન્સીંગ, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેંચ, ઈલ્યુમીનેશન, ડસ્ટબિન્સ, વાવનું રીસ્ટોરેશન વગેરે | કામગીરી પુર્ણ થયેલ છે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ડેવલપમેન્ટ ઓફ ગેટ્સ એન્ડ ફોર્ટ વોલ એટ વડનગર | ૩.૪૦ | ૩.૪૦ | સરાઉન્ડીંગ ડેવલપમેન્ટ, નવું ઈટનું ચણતરકામ પથ્થરના ક્લેડીંગ સાથે, સાઈનેજીસ, બેંચ, ઈલ્યુમીનેશન, પાથવે. | કામગીરી પુર્ણ થયેલ છે |
| ૪ | ડેવલપમેન્ટ ઓફ વડનગર રેલ્વે સ્ટેશન | ૮.૩૪ | ૮.૩૪ | ફસાડ ડેવલપમેન્ટ, પ્રવાસી માહીતી કેન્દ્ર, પાર્કિંગ, પેવિંગ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેઠક વ્યવસ્થા, ઈલ્યુમીનેશન, સીસીટીવી વગેરે | કામગીરી પુર્ણ થયેલ છે |
| ૫ | ડેવલપમેન્ટ ઓફ શેઠ ચકુલાલ ભોગીલાલ ઈન્ટરપ્રેટેશન સેન્ટર એટ વડનગર | ૩.૦૩ | ૩.૦૧ | ઈન્ટરપ્રેટેશન સેન્ટર, શૌચાલય, સાઈનેજીસ, ફાયરફાઈટીંગ, સાઈનેજીસ, ઈલ્યુમીનેશન, સીસીટીવી, ફર્નીચર વગેરે | કામગીરી પુર્ણ થયેલ છે |
| ૬ | ડેવલપમેન્ટ ઓફ અંબાજી કોઠા લેક એટ વડનગર | ૩.૦૦ | ૨.૭૮ | પ્રવેશદ્વાર, સ્ક્રીન વોલ, રીટેઈનિંગ વોલ, પિચ વોલ, પાથવે, કેનોપીઝ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેઠક વ્યવસ્થા, ઈલ્યુમીનેશન, ડસ્ટબીન, ગઝેબો | કામગીરી પુર્ણ થયેલ છે |
| ૭ | ડેવલપમેન્ટ ઓફ શર્મિષ્ઠા લેક એટ વડનગર | ૪૪.૫૬ | ૪૦.૦૭ | રીટેઈનિંગ વોલ, પિચ વોલ, સ્ટોન ક્લેડીંગ, ડેક્સ, કેનોપીઝ, પાથવે, ઈન્ટરપ્રેટેશન સેન્ટર, થીમ પાર્ક, દુકાનો, કાફેટેરિયા, લેન્ડસ્કેપિંગ, સાઈનેજીસ, પાર્કીંગ, ઈલ્યુમીનેશન, ડસ્ટબીન, સીસીટીવી, વોચ ટાવર, | કામગીરી પુર્ણ થયેલ છે |

**પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ, ઉંઝા**

**પુરક પ્રશ્ન: ૧:**

ઐતિહાસીક નગરી વડનગર ખાતે વધતા પ્રવાસીઓને ધ્યાને લઈને ક્યા ક્યા ડીઝીટલ ઈન્ટરવેન્શન હાથ ધરેલ છે? જો હા તો તેની વિગતો જણાવશો.

**જવાબ:** વડનગર ખાતે ગુજરાત સરકારના પ્રવાસન નિગમ દ્વારા એક પછી એક અવનવા પ્રોજેક્ટસ ઉપર કામગીરી પુર જોશમાં ચાલી રહેલ છે, જેમાં નિગમ દ્વારા અલગ નજરાણું એટલે કે શર્મિષ્ઠા લેક વડનગર ખાતે "પાણીની સ્ક્રીન પર પ્રોજેક્શન થ્રુ બનશે મ્યુઝીકલ ફાઉન્ટેનની તથા લાઈટીંગની સાથે અવનવા ચિત્રો જે પ્રદર્શિત કરશે વડનગર તથા તેના આસપાસના વિસ્તારના ઈતિહાસની અવનવી ગાથા". જે બાબતના ટેન્ડર પણ પ્રવાસન નિગમ દ્વારા મંગાવામાં આવેલ છે, જેનો અંદાજીત લાઈટીંગ તથા એકવા સ્ક્રીન પ્રોજેક્શન શોનો કોસ્ટ રૂ.૨૪.૦૦ કરોડની આસપાસ છે.

આ ઉપરાંત, હાટકેશ્વર મહાદેવ, વડનગર ખાતે હાટકેશ્વર મદિરનો ઈતિહાસ તેમજ ઐતિહાસિક સંસ્કૃતીથી માહિતગાર થાય તે હેતુથી ૩ડી પ્રોજેક્શન મેપિંગ શો બાબતે રૂ. ૫.૫૩ કરોડના ખર્ચે એજન્સીને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે તથા કામગીરી હાલ પ્રગતિમાં છે.

પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી સરદારભાઇ ચૌધરી (ખેરાલુ)

પુરક પ્રશ્ન: ૨

સ્વદેશ દર્શનની હેરીટેઝ સર્કીટ અંતર્ગત વડનગરમાં છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા સ્થળોએ વિકાસની કામગીરી કેટલા રૂપિયાના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે..

જવાબ :

૧). તાના રીરી પાર્ક અને આસપાસના તળાવોના વિકાસ માટે પ્રવેશ દ્વાર, પાર્કિંગ, પાથવે, રીટેઈનીંગ વોલ, પિચ વોલ, એમ્ફીથિટર, કેનોપીઝ, ટોઇલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેન્ચ, ઈલ્યુમીનેશન, સીસીટીવી, ડસ્ટબિન્સ, દુકાનો, ઈલેક્ટ્રીફીકેશન વગેરે જેવી કામગીરી રૂ.૧૭.૯૮ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.

૨). શર્મિષ્ઠા તળાવ ખાતે રીટેઈનિંગ વોલ, પિચ વોલ, સ્ટોન ક્લેડીંગ, ડેક્સ, કેનોપીઝ, પાથવે, ઈન્ટરપ્રેટેશન સેન્ટર, થીમ પાર્ક, દુકાનો, કાફેટેરિયા, લેન્ડસ્કેપિંગ, સાઈનેજીસ, પાર્કીંગ, ઈલ્યુમીનેશન, ડસ્ટબીન, સીસીટીવી, વોચ ટાવર વગેરે જેવી કામગીરી રૂ. ૪૦.૦૭ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.

૩. વડનગર રેલ્વે સ્ટેશન ખાતે ફસાડ ડેવલપમેન્ટ, પ્રવાસી માહીતી કેન્દ્ર, પાર્કિંગ, પેવિંગ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેઠક વ્યવસ્થા, ઈલ્યુમીનેશન, સીસીટીવી વગેરે કામગીરી રૂ. ૮.૩૪ કરોડ ના ખર્ચે પુર્ણ કરેલ છે.

૪. શેઠ ચકુલાલ ભોગીલાલ લાઈબ્રેરી ખાતે ઈન્ટરપ્રેટેશન સેન્ટર, શૌચાલય, સાઈનેજીસ, ફાયરફાઈટીંગ, સાઈનેજીસ, ઈલ્યુમીનેશન, સીસીટીવી, ફર્નીચર વગેરે કામગીરી રૂ. ૩.૦૧ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.

૫. ગેટ્સ એન્ડ ફોર્ટ વોલ ના વિકાસ માટે સરાઉન્ડીંગ ડેવલપમેન્ટ, નવું ઈંટનું ચણતરકામ પથ્થરના ક્લેડીંગ સાથે, સાઈનેજીસ, બેંચ, ઈલ્યુમીનેશન, પાથવે વગેરે કામગીરી રૂ. ૩.૪૦ કરોડ ના ખર્ચે પુર્ણ કરેલ છે.

૬. અંબાજી કોઠા તળાવ ખાતે પ્રવેશદ્વાર, સ્ક્રીન વોલ, રીટેઈનિંગ વોલ, પિચ વોલ, પાથવે, કેનોપીઝ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેઠક વ્યવસ્થા, ઈલ્યુમીનેશન, ડસ્ટબીન, ગઝેબો વગેરે કામગીરી રૂ. ૨.૭૮ કરોડ ના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

૭. લટેરી વાવ ખાતે મુખ્ય દરવાજો, પાર્કિંગ, પેવીંગ, કેનોપીઝ, ટોઈલેટ બ્લોક, બાઉન્ડ્રી વોલ, ફેન્સીંગ, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેંચ, ઈલ્યુમીનેશન, ડસ્ટબિન્સ, વાવનું રીસ્ટોરેશન વગેરે કામગીરી રૂ. ૧.૬૩ કરોડના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

<u>પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી મુકેશભાઇ પટેલ (મહેસાણા)</u>

પુરક પ્રશ્ન: ૩

**વડનગર ખાતે છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રવાસીઓએ મુલાકાત લિધેલ છે. તેમજ વડનગર ખાતે આવતા પ્રવાસીઓ ને રહેવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સુવિધા કરેલ છે?**

જવાબ:

- છેલ્લા બે વર્ષમાં વડનગર ખાતે અંદાજીત ૮ લાખ ૬૫ હજાર પ્રવાસીઓએ મુલાકત લિધેલ છે.
- તેમજ વડનગર ખાતે આવતા પ્રવાસીઓ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા હોટેલ તોરણ ખાતે રહેવા માટેની સુવિધા હાથ ધરેલ છે. તોરણ હોટેલ ખાતે નીચે મુજબ ની સુવિધાઓ વિકસાવામાં આવેલ છે.
  ૧.પ્રવાસીઓને રહેવા માટે નવા ૧૬ રૂમો વિવિધ સુવિધાઓ સાથે.
  ૨.જુના ૪ રૂમોના રીનોવેશન
  ૩.પુરૂષ (૧૬ વ્યક્તિ માટે) અને મહિલા(૧૪ વ્યક્તિ માટે) માટે ડોરમેટરી બાથરૂમ ની સુવિધા સાથે
  ૪.ડાઈનીગ હોલ કિચન સાથે
  ૫.કોન્ફરન્સ હોલ
  ૬.પ્રવેશ દ્વાર
  ૭.સિક્યુરિટી કેબીન
  ૮.રિસેપ્શન એરિયા
  ૯.ગાર્ડન
  ૧૦.પાર્કિંગ
- હોટેલ તોરણ વડનગરના વિકાસ માટે રૂ.૭૧૪.૭૫ લાખ(રૂ.૬૮૭.૧૩ લાખ કોન્ટ્રાક્ટર + રૂ.૨૭.૬૨ લાખ કન્સલ્ટન્ટને)લાખનો ખર્ચ કરેલ છે.

<u>**વધારાની માહિતી**</u>

આર્કિટેક્ટ : એ આરજી ક્રિએશન અમદાવાદ

પીએમસી : પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અંકલેશ્વર

કોન્ટ્રાક્ટર : મેં.જ્યોતિ ઈન્ફ્રાટેક અમદાવાદ

રીવાઈસ્ડ વર્ક ઓર્ડરની રકમ : રૂ.૬૯૮.૮૩ લાખ

વર્ક ઓર્ડરની તારીખ : ૧૮/૧/૧૯

કામગીરી પૂર્ણ થયા ની તારીખ : ૩૦/૧૧/૨૦

થયેલ કુલ ખર્ચ : રૂ.૭૧૪.૭૫ લાખ(રૂ.૬૮૭.૧૩ લાખ કોન્ટ્રાક્ટર + રૂ.૨૭.૬૨ લાખ કન્સલ્ટન્ટને)

<u>તોરણ ખાતેના રૂમની માહિતી:</u>

| રૂમની કેટેગરી | ભાવ | ભાવ | | ટોટલ રૂમ | જીએસટી ની વિગત |
|---|---|---|---|---|---|
| સુઈટ રૂમ | રૂ.૨૭૦૦+જીએસટી<br>**૨ વ્યક્તિ માટે** | રૂ.૧૭૦૦+જીએસટી<br>**૧ વ્યક્તિ માટે** | ૪૦૦+જીએસટી<br>**એક્સ્ટ્રા વ્યક્તિ માટે** | ૨ | ૧૨% |
| ડીલક્ષ રૂમ | રૂ.૧૭૦૦+જીએસટી<br>**૨ વ્યક્તિ માટે** | રૂ.૧૪૦૦+જીએસટી<br>**૧ વ્યક્તિ માટે** | ૩૦૦+જીએસટી<br>**એક્સ્ટ્રા વ્યક્તિ માટે** | ૧૮ | ૧૨% |
| કોન્ફરન્સ | રૂ.૧૦૦૦+જીએસટી (ત્રણ કલાક માટે) | રૂ.૧૪૦૦+જીએસટી (છ કલાક માટે) | રૂ.૨૦૦૦+જીએસટી (આખાદિવસ માટે) | ૧ | ૧૮% |
| ડોરમેટરી | પ્રતિ વ્યક્તિ રૂ.૩૦૦+જીએસટી(કુલ ૩૦ બેડ) | | | | ૧૨% |

<u>પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:-</u>

**પુરક પ્રશ્ન: ૪**

**વડનગર ખાતેના બુધ્ધીસ્ટ મોનીસટ્રીના વિકાસ માટે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા કોઈ કામગીરી કરેલ છે? જો તેમાં કઈ કામગીરી નો સમાવેશ થાય છે? આ માટે કુલ કેટલો ખર્ચ કરેલ છે?**

**જવાબ:**

હા,વડનગર ખાતેના બુધ્ધીસ્ટ મોનીસટ્રીના વિકાસ માટે ભારત સરકારની સ્વદેશ દર્શન યોજનાની બુધ્ધીસ્ટ સર્કીટ અન્વયે કામગીરી કરવામાં આવેલ છે. વડનગર ખાતેના બુધ્ધીસ્ટ મોનીસટ્રીના વિકાસ માટે નીચેની કામગીરી નો સમાંવેશ થાય છે.

1. પ્રવેશ દ્વાર
2. એક્ઝીબીશન સેન્ટર
3. કમ્પાઉન્ડ વોલ
4. ગ્લાસ રેલીંગ
5. બુદ્ધની મૂર્તિ
6. પાર્કિંગ
7. શોચાલય
8. લાઈટીંગ
9. સાઈનેજીસ
10. ડસ્ટબીન

વડનગર ખાતેના બુધ્ધીસ્ટ મોનીસટ્રી ના વિકાસ માટે રૂ.૩૦૮.૬૪ લાખનો ખર્ચ ભારત સરકારના પ્રવાસન મંત્રાલય ની સ્વદેશ દર્શન પરિયોજના અન્વયે કરવામાં આવેલ છે.

<u>વધારાની માહિતી</u>

આર્કિટેક્ટ : ઓજસ હીરાણી

પીએમસી : ધવલ એન્જિનિયરસ

કોન્ટ્રાક્ટર : મેં બી બી પટેલ

**પુરક પ્રશ્નઃ૫**

**વડનગર ખાતે આવેલ તાનારીરી ની સમાધી ખાતે કોઇ કામગીરી કરેલ છે ? જો હા તો તેની વિગતો જણાવશો.**

**જવાબ:** સૂર, સ્વર અને સમર્પણ ! ભારતીય ઈતિહાસની આ તો છે વિશેષતા. તાના અને રીરી ભગિની બેલડીથી શ્રેષ્ઠ ઉદાહરણ બીજું શું હોય શકે ?

આ નાગર કન્યાઓની દરેક ક્ષણ સૂર સાધનાની હતી. ભારતીય શાસ્ત્રીય રાગ-રાગિણીમાં તે બંને બહેનો તન્મય રહેતી એવી આ તાના અને રીરીની સમાધી ખાતે તાના રીરી પાર્ક અને આસપાસના તળાવોના વિકાસ માટે પ્રવેશ દ્વાર, પાર્કિંગ, પાથવે, રીટેઈનીંગ વોલ, પિચ વોલ, એમ્ફીથિટર, કેનોપીઝ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેન્ચ, ઈલ્યુમીનેશન, સીસીટીવી, ડસ્ટબિન્સ, દુકાનો, ઈલેક્ટ્રીફીકેશન વગેરે જેવી કામગીરી રૂ.૧૭.૯૮ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.

**પુરક પ્રશ્ન:૬**

**વડનગરના શર્મીષ્ઠા તળાવ ખાતે કઇ કઇ કામાગીરી કેટલા રૂપિયાના ખર્ચે પુર્ણ કરેલ કરેલ.**

**જવાબ:**

શર્મિષ્ઠા તળાવ એ સોલંકી સમયની પાણી જાળવી રાખવા માટેની પ્રણાલીનું એક રસપ્રદ ઉદાહરણ છે, ૪૫૦૦ થી વધુ વર્ષો પહેલા,અરવલ્લીની પહાડીઓમાંથી વહેતી કપિલા નદીના પાણી માથી બનેલ એક પ્રાચીન તળાવ છે. શર્મિષ્ઠા તળાવ ખાતે રીટેઈનિંગ વોલ, પિચ વોલ, સ્ટોન ક્લેડીંગ, ડેક્સ, કેનોપીઝ, પાથવે, ઈન્ટરપ્રેટેશન સેન્ટર, થીમ પાર્ક, દુકાનો, કાફેટેરિયા, લેન્ડસ્કેપિંગ, સાઈનેજીસ, પાર્કીંગ, ઈલ્યુમીનેશન, ડસ્ટબીન, સીસીટીવી, વોચ ટાવર વગેરે જેવી કામગીરી રૂ. ૪૦.૦૭ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.